**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૪૫ ટકા

# વીઆઈપી સે-૮માં પણ ગંદકીના ઢગ

## ગાંધીનગર મહાનગરપાલિકા સંચાલિત ઉદ્યાન સામે કચરા પેટી આસપાસ ગંદકી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર મહાનગરપાલિકા સંચાલિત ઉદ્યાનની સામે જ કચરાના ઢગલાથી ગંદકીનો માહોલ સર્જાયો છે. સેકટર-૮માં બનાવેલ ઉદ્યાનની સામે કચરાપેટીની આજુબાજુ ગંદકી જોવા મળી રહી છે. આ ઉપરાંત સેકટર-૮ના શોપીંગ સેન્ટર પાસે આવેલ કચરાપેટી પાસે પણ આજ રીતે ગંદકી જોવા મળી રહી છે.

શહેરમાં કોર્પોરેશન દ્વારા કચરાપેટીના ડબ્બાઓ મુકવામાં આવ્યા છે તે ડબ્બાઓ શોભાના ગાંઠિયા સમાન ખાલી જોવા મળી રહ્યા છે. જેની આસપાસ અઢળક કચરો જમા થઈ રહ્યો છે. જાહેર શૌચાલયની પાસે કચરાપેટીના ડબ્બાનો પણ આવો જ હાલ જોવા મળી રહ્યો છે. કચરાપેટીના બહારના ભાગમાં સમગ્ર કચરો







પડી રહેતો હોવાથી ત્યાં પશુ, પક્ષી, ઢોરો દ્વારા વધારે ગંદકી કરવામાં આવી રહી છે. રખડતા ઢોરો આ કચરામાંથી પ્લાસ્ટિકની કોથળીઓ ખાઈ જતી હોય છે. પ્લાસ્ટિકની કોથળીઓ ખાવાથી ઢોરોને ખૂબ નુકશાન પહોંચે છે.

નવનિર્મિત ગાંધીનગર મહાનગર પાલિકા સંચાલિત ઉદ્યાનની સામે જ આ પ્રકારના ગંદકીના દ્રશ્યો સર્જાઈ રહ્યા છે. આ કચરો ધીમે ધીમે વધારે ફેલાતો જાય છે. જેથી આસપાસના રહીશોને મુશ્કેલીઓ અનુભવાઈ રહી છે. કચરાપેટી પાસેના કચરાનો નિકાલ કરવામાં આવી રહ્યો નથી તેથી આ કચરો વધારે ફેલાઈ રહ્યો છે.


એક તરફ વાયબ્રન્ટ સમિટ માટે સરકાર જોરશોરથી તૈયારીઓ કરીને ગાંધીનગરને નવા રૂપરંગ આપવાની દિશામાં દિવસ રાત એક કરી રહી છે ત્યારે સેકટરોમાં આંતરિક વિસ્તારમાં ગંદકી, રખડતા પશુઓ સહિતની વ્યાપક સમસ્યાઓની હારમાળા સર્જાઈ છે. શહેરમાં કેટલાક દિવસોથી નિયમિત કોમન પ્લોટ, આંતરિક માર્ગોની સફાઈમાં લાલિયાવાડી શરૂ થઈ ગઈ છે. તાજેતરમાં જ ગાંધીનગરને સ્વચ્છતા સર્વેક્ષણ હેઠળ કલીન સીટીનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. પરંતુ હજી એવોર્ડ મળ્યાની ખુશીની શાહી સુકાઈ નથી એવામાં વીઆઈપી ગણાતા સેકટર-૮માંથી કોર્પોરેશનની કામગીરી સામે ફરિયાદો ઉઠવા પામી છે. ત્યારે વગદાર અને ઉચ્ચ અધિકારીઓના સેકટર તરીકે જાણીતા સેકટરમાંથી આવા દ્રશ્યો સર્જાતા નગરસેવકની કામગીરી પર પ્રશ્નાર્થ લાગી રહ્યો છે.

વાઈબ્રન્ટ નિમિત્તે તંત્ર દ્વારા સફાઈ અંગે જવાબદારીઓ દાખવવામાં આવી રહી નથી. મહેમાનોની સગવડો કરવા માટે બનેલું વ્યસ્ત તંત્ર પોતાના નાગરિકો પ્રત્યે બેજવાબદાર જોવા મળી રહ્યું છે. સેકટરોની સાફસફાઈ કરાતી હોય તો આ પ્રકારના દ્રશ્યો જોવા ન મળવા જોઈએ. વસાહતીઓ દ્વારા માંગ કરવામાં આવી છે કે તાત્કાલિક આ કચરો સાફ કરવામાં આવે અને યોગ્ય જગ્યાએ જ કચરો નાંખવો જોઈએ. કચરો યોગ્ય રીતે કચરાપેટીમાં જ નાંખવો જોઈએ જેથી આ પ્રકારની ગંદકી સર્જાવાની સમસ્યા બને નહીં.

### જન્મદિને વધામણી



ભવાનસિંહ યુવરાજસિંહ રાજપૂત



જયસ્વાલ જયવીર કલ્પેશભાઈ
મો. ૯૭૨૭૫ ૫૨૦૮૫



દીક્ષા સચીન ભટ્ટ

## એનઆઈસીએમ કેમ્પસમાં શ્રી જયરામભાઈ પટેલ મેમોરિયલ ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાઈ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના ચ-૦ સર્કલ નજીકના એનઆઈસીએમ કેમ્પસમાં શ્રી જયરામભાઈ પટેલ બિઝનેસ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યૂટ ખાતે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કે જેઓ આજે કોર્પોરેટ ક્ષેત્રે સારા પદો પર આરુઢ છે તેઓ વચ્ચે સેતૂ બનતો એક પ્રયાસ કરવામા આવ્યો. તા. ૧૬ થી ૨૦ ડિસેમ્બર દરમિયાન યોજવામાં આવી હતી. ટૂર્નામેન્ટમાં કુલ આઠ ટીમોએ ભાગ લીધો હતો. ટૂર્નામેન્ટની ફાઈનલમાં રમતી બન્ને ટીમોને પ્રોત્સાહિત કરવા ગુજરાત ક્રિકેટ એસોસિએશનના ફર્સ્ટ ક્લાસ ખેલાડી અને રણજી ટેસ્ટ પ્લેયર રોહિત દહિયા તથા એમ.બી.એ.ના ડિરેકટર હરિશ્ચંદ્રસિંહ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા જેઓએ વિજેતા તથા રનર્સઅપ ટીમોના ખેલાડીઓને ટ્રોફી આપી સન્માનિત કર્યા હતા.



નિહાલ પટેલની કપ્તાની હેઠળ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની ટીમ અને અમન પ્રજાપતિની કપ્તાની હેઠળ તાજેતરના વિદ્યાર્થીઓની ટીમ ફાઈનલમાં પ્રવેશી હતી જેમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની ટીમ વિજયી બની હતી. સમગ્ર ટૂર્નામેન્ટનું સંકલન એમ.બી.એ.ના પ્રોફેસર ઉર્વી અમીન અને વિદ્યાર્થીઓ ઋષભ સોલંકી, માલવ દલે, યસ શાહ, પ્રિતેષ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.

## સે-૧૦-એ ખાતે શહેરી બાગાયત વિકાસ વિષય ઉપર તાલીમ યોજાઈ



ગાંધીનગર, તા.૨૧

બાગાયત નિયામકની કચેરી ગાંધીનગર દ્વારા કૃષિ ભવન, સેક્ટર ૧૦-એ ખાતે શહેરી બાગાયત વિકાસ વિષય ઉપર એક દિવસીય તાલીમ યોજાઈ હતી. જેમાં નિઃશુલ્ક 'અર્બન હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ સેન્ટર' તેમજ 'કિચન ગાર્ડન' વિષય ઉપર તાલીમ યોજાઈ હતી. જે અંતર્ગત પ્રજાજનો ઘર આંગણે જ રહેલી ફાજલ જગ્યા, અગાસી બાલ્કની તેમજ લીલા અને સૂકા કચરા નો મહત્તમ ઉપયોગ કરીને કેવી રીતે શાકભાજી, ફળ, ફુલ પાકોનું વાવેતર કરી તેનો નિભાવ કરી શકાય તેની વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. વધુમાં બાગાયત ખાતા દ્વારા ચાલતી મહિલાલક્ષી યોજનાઓની પણ માહિતી પુરી પાડવામાં આવી.૧

સદર તાલીમ બાબતે વધુ માહિતી મેળવવા આપ મદદનીશ બાગાયત નિયામકની કચેરી, શાકભાજી માર્કેટ મેળા ઉપર સેક્ટર-૨૧ ગાંધીનગર અથવા નાયબ બાગાયત નિયામકશ્રી ની કચેરી , પાંચમો માળ, સહયોગ સંકુલ, સેક્ટર-૧૧ ગાંધીનગરનો સંપર્ક કરી શકો છો.

## શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય ગણિત દિવસ પર વર્કશોપ યોજાયો




શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય ગણિત દિવસ પર વર્કશોપ યોજાયો હતો. જે નિસર્ગ કોમ્યુનિટી સેન્ટર દ્વારા વર્કશોપ યોજવામાં આવ્યો હતો. જેમાં શાળાના ધોરણ-૭ અને ૮ના ૫૦ બાળકોએ ભાગ લીધો હતો. નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના ડાયરેકટર ડૉ.અનિલભાઈ અને હાર્દિકભાઈ તથા શિવાંગભાઈ દ્વારા ગણિત વિષયને કેવી રીતે સરળ બનાવી શકાય અને પ્રવૃત્તિ સાથે કેવી રીતે રસપ્રદ બનાવી શકાય તેની વિસ્તૃત માહિતી આપી હતી. તેમના માર્ગદર્શન હેઠળ બાળકો દ્વારા વિવિધ ઘનાકારો કેવી રીતે બનાવી શકાય તે સમજાવાયું હતું. શાળાના આચાર્ય નીવાબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## જે.એમ.પી. ગોપાલક વિદ્યા સંકુલમાં ફાયર સેફટીની તાલીમ અપાઈ



ગાંધીનગર, તા.૨૧

જે.એમ.પી. ગોપાલક વિદ્યા સંકુલમાં ફાયર સેફટીની તાલીમ આપવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ફાયર સેફટીની તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં એબીસી, બીસી, એ, બી, સી જેવા વિવિધ કલાસની માહિતી આપી પ્રેકટીકલ કરાવવામાં આવ્યું હતું તેમજ કઈ આગમાં કઈ ફાયર સેફટીનો ઉપયોગ કરવો તે સમજાવ્યું હતું.

## જીએનએલયુ સહિત ત્રણ સંસ્થાઓના ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી સાથે એમઓયુ

### આજથી એનએફએસયુ ખાતે ''ક્રિમિનોલોજી એન્ડ ક્રિમિનલ જસ્ટિસ રિફોર્મ્સ'' વિષય ઉપર બે દિવસીય પરિસંવાદનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૧

આજે ગાંધીનગરની નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી ખાતે બે દિવસીય ''ક્રિમિનોલોજી એન્ડ ક્રિમિનલ જસ્ટિસ રિફોર્મ્સ'' વિષય ઉપર બે દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનો પ્રારંભ કરાયો હતો. પરિસંવાદના પ્રથમ દિવસે કુલ ત્રણ સમજૂતી કરાર કાયદાકીય સંસ્થાઓ સાથે કરવામાં આવ્યા હતા જે અંતર્ગત ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, પૂણેની સિમ્બાયોસિસ ઈન્ટરનેશનલ (ડિમ્ડ યુનિવર્સિટી) અને ગ્રેટર નોઈડાની લોયડ લો કોલેજે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી ખાતે સમજૂતી કરાર કર્યા હતા. આ અંતર્ગત શૈક્ષણિક સંસ્થાનો સંયુક્ત રીતે સિમ્પોસિયા, વર્કશોપ, સંશોધન, સ્ટુડન્ટ્સ એક્સચેન્જ સહિતના આયોજન પણ કરશે. આ પ્રસંગે પુણેની સિમ્બાયોસિસ લૉ સ્કૂલ, સિમ્બાયોસિસ ઈન્ટરનેશનલ (ડીમ્ડ યુનિવર્સિટી)ના ડિરેક્ટર પ્રોફે. ડૉ. શશિકલા ગુરપુર, લોઈડ લો સ્કૂલના પ્રમુખ મનોહર થૈરાની અને ગુજરાત નેશનલ લો સ્કૂલના વાઈસ ચાન્સેલર પ્રો. ડૉ. એસ. શાંતાકુમાર, નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. જે. એમ. વ્યાસ સાથે એમઓયુ પર હસ્તાક્ષર કરવા માટે ઉપસ્થિત રહ્યા હતા.

આ પરિસંવાદનું નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, ગાંધીનગર સ્કૂલ ઓફ લો, ફોરેન્સિક સાયન્સ એન્ડ પોલીસી સ્ટડીઝ અને સ્કૂલ




ઓફ ફોરેન્સિક સાયકોલોજી તથા ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી અને ઈન્ડિયન સોસાયટી ઓફ ક્રિમિનોલોજીના સંયુક્ત ઉપક્રમે આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદના ઉદ્‌ઘાટન પ્રસંગે નવી દિલ્હીથી નેશનલ કમિશન ફોર પ્રોટેકશન ઓફ ચાઈલ્ડ રાઈટ્સના ચેરપર્સન પ્રિયાંક કાનૂન્ગો, કટકથી ઓડિસ્સા હાઈકોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ કલ્પેશ એસ. ઝવેરી, ગુજરાતના સ્ટેટ કમિશન ફોર પ્રોટેકશન ઓફ ચાઈલ્ડ રાઈટ્સના ચેરપર્સન જાગૃતિબેન પંડ્યા, ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર ડૉ. એસ. શાંથાકુમાર, નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. જે. એમ. વ્યાસ, એનએફએસયુના કેમ્પસ ડાયરેકટર પ્રોફે. ડૉ. એસ. ઓ. જુનારે અને સ્કૂલ ઓફ લોના ફોરેન્સિક જસ્ટિસ એન્ડ પોલીસી સ્ટડીઝના ડીન ડૉ.પૂર્વી પોખરીયાલ ઉપસ્થિત રહ્યા હતા. જયારે પ્રો. બી.બી.પાંડે, પ્રોફેસર, કેમ્પસ લો સેન્ટર, ફેકલ્ટી ઓફ લો, યુનિવર્સિટી ઓફ દિલ્હી, નવી દિલ્હીએ વર્ચ્યૂઅલ મોડમાં મુખ્ય વકતવ્ય આપ્યું હતું. સ્વાગત પ્રવચનમાં ડૉ. જે. એમ. વ્યાસે જણાવ્યું હતું કે સમયની સાથોસાથ કાયદાઓમાં પણ ફેરફાર કરવો પડે છે. જે માટે મનોવૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં ગુનાની ઓળખ તથા સુધારણા થવી જરૂરી છે. પ્રિયાંક કાનૂન્ગોએ જણાવ્યું હતું કે સમાજ, નૈતિકતા અને ગુના વચ્ચેના સંબંધને સમજવા માટે ગાંધીવાદી વિચારસરણીનું મહત્ત્વનું યોગદાન છે જેનાથી સમાજમાં સુવ્યવસ્થા સુદૃઢ રહે. વર્તમાન સમયમાં બાળકોની સુરક્ષા માટેના અધિકારો વધુ મજબૂત બને તે માટે કમિશન કાર્યરત છે.

## જૈન સંત પૂ. જિનપ્રેમ વિજયજી મ.ા.ની રાજયપાલ સાથે મુલાકાત



ગાંધીનગર, તા.૨૧

પ્રખર રાષ્ટ્રવાદી અને સંસ્કૃતિ પ્રેમી જૈન સંત પૂ. જિનપ્રેમ વિજયજી મહારાજ સાહેબે ગુજરાતમાં રાજયપાલ આચાર્ય દેવવ્રતની મુલાકાત લીધી હતી અને 'ચારિત્ર નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ' વિષયે ચર્ચા કરી હતી. રાજભવન ખાતે યોજાયેલી આ મુલાકાતમાં મહારાજ સાહેબે 'સંસ્કાર વિનાનું શિક્ષણ સમગ્ર દેશના ભવિષ્ય માટે ભયંકર છે' તેવું જણાવવા સાથે આધ્યાત્મને એક ફિલસુફી જ નહીં પરંતુ 'અર્થતંત્ર' હોવાનું પણ જણાવ્યું હતું.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ઠાકોર જશીબેન તખાજી, ઉ.વ. ૬૦, હાલીસા, દહેગામ
- સ્વ. રાવલ ચંદુભાઈ શંકરભાઈ, ઉ.વ. ૬૮, આલમપુર
- સ્વ. પટેલ કિશોરભાઈ અમરતભાઈ, ઉ.વ. ૫૩, મહુન્દ્રા
- સ્વ. ઠાકોર કલીબેન કાનાજી, ઉ.વ. ૫૩, બોરીજ
- સ્વ. ભરવાડ પાંચાભાઈ રવાભાઈ, ઉ.વ. ૮૦, સે-૨૦, છાપરાં
- સ્વ. સુખડીયા મુકુંદચંદ્ર નટવરલાલ, ઉ.વ. ૭૨, પેથાપુર

# શહેરમાં ક્રિસમસ ઉજવણીનું કાઉન્ટ-ડાઉન

## શહેરમાં ચર્ચ અને ખ્રિસ્તી પરિવારોમાં ઉજવણીનો માહોલ

ગાંધીનગર, તા.૨૧

નાતાલ પર્વને ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે ત્યારે માર્કેટમાં નાતાલ પર્વની વેરાયટીઓ જોવા મળી રહી છે. શહેરના ચર્ચમાં અત્યારથી તૈયારીઓ કરવામાં આવી રહી છે. ચર્ચની અંદર સુંદર સજાવટ કરવાની તૈયારી ચાલી રહી છે. ક્રિસમસ ટ્રીથી રંગબેરંગી સુશોભન કરવામાં આવશે. આ સાથે જ ક્રિસમસમાં પરિવાર અને મિત્રોને તથા સગા સંબંધીઓને ભેટ સોગાદ આપવામાં આવે છે.કેક કાપીને ઉજવણી કરવામાં આવે છે.

શહેરમાં સ્વીટની દુકાનોમાં ક્રિસમસ માટે સુંદર સજાવટથી તૈયાર કરેલી કેક મળે છે. જેમાં ગ્રાહકોની પસંદગી મુજબ તેમને કેક બનાવી આપવામાં આવે છે. થર્મોકોલ દ્વારા કેક ઉપર શાન્તાકલોઝ અને ક્રિસમસ ટ્રી બનાવીને સુંદર રંગરૂપ આપવામાં આવે છે. નાતાલ






પર્વમાં પ્લમ્પ કેક, ફ્રુટ કેક, મફીન્સ, પેસ્ટ્રી વિગેરે દુકાનમાં મળી રહે છે. યુરોપના દેશોમાં મોટા ભાગે બ્રેડની બનાવટોનો જમવામાં ઉપયોગ થતો હોય છે તેથી ત્યાં નવા પર્વની ઉજવણી નિમિત્તે કેક કાપીને નાતાલ ઉજવાય છે અને ભવ્ય ઉજવણીઓ કરવામાં આવે છે.

નાતાલ પર્વમાં શાન્તાકલોઝનું અનેરૂ મહત્વ હોય છે. નાતાલમાં શાન્તાકલોઝ બાળકોના સૌથી વધારે ફેવરેટ ગણાય છે. નાના બાળકોને ગીફ્ટ લેવાનો ખૂબ શોખ હોય છે અને શાન્તાકલોઝ નાના બાળકો માટે અવનવી ગીફ્ટ લઈને આવે છે તેથી સાન્તાકલોઝ નાતાલ પર્વમાં પ્રિય પાત્ર બની રહે છે.

શહેરમાં ખ્રિસ્તી ધર્મના પરિવારોમાં અત્યારથી જ સુંદર સજાવટો કરવામાં આવી રહી છે. લાઈટીંગથી ક્રિસમસ ટ્રીને સજાવવામાં આવ્યા છે. દિવાળીના તહેવાર મુજબ ખ્રિસ્તી ધર્મમાં પણ ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવે છે. રંગબેરંગી સ્ટાર ઘરની આગળના ભાગમાં લટકાવવામાં આવે છે.

નાતાલની ઉજવણી ૧૨ દિવસ કરવામાં આવે છે. નાતાલની આધુનિક ઉજવણીમાં પ્રખ્યાત બનેલા રિતરિવાજોમાં ભેટ સોગાદોની આપ-લે, સંગીત, અભિવાદન, પત્રિકાઓની આપ-લે, દેવળોમાં થતી ઉજવણી, ખાસ પ્રકારનું ખાણું, વિવિધ સુશોભનોનું પ્રદર્શન જેમ કે નાતાલનું વૃક્ષ, લાઈટ વડે રોશની, તોરણો બાંધવા, ઈશુના જન્મનુ દ્રશ્ય, લાલ પીળા સ્ટારથી એક સદાપર્ણી વૃક્ષનું સુશોભન વગેરે બાબતોનો સમાવેશ થાય છે. વેપારીઓ માટે વેચાણનો મુખ્ય સમયગાળો બની જાય છે. નાતાલ બિન ખ્રિસ્તી હોય તેઓ પણ ઉજવે છે.

શહેરમાં ૨૪મીના રોજ રાત્રે ૧૦ વાગ્યા બાદ દેવળોમાં ખ્રિસ્તી ધર્મના નાગરિકો દ્વારા સુંદર રીતે ઉજવણી કરવામાં આવશે. જેમાં ઈશુના જન્મની કહાનીથી લઈ પ્રાર્થના કરવામાં આવશે. વિવિધ કાર્યક્રમો પણ કરવામાં આવશે.